GJSR010089042019

**<u>આંક – ૦૧ લગત હુકમ</u>**

(૧) એપેલેન્ટ– ગુરૂજીભાઈ ઉમેદભાઈ વસાવા તે સોનાબેન જેસીંગભાઈના પાવર ઓફ એટર્ની હોલ્ડરનાઓએ હાલની આ અપીલ રે. દિ. મુ. નં. ૪૧૬/૨૦૦૧ ના તા. ૦૬–૦૮–૨૦૧૯ ના રોજના હુકમ અને હુકમનામાથી નારાજ થઈ સી.પી.સી. ઓર્ડર ૪૧, રૂલ ૧ મુજબ તા.૨૬/૦૮/૨૦૧૯ ના રોજ દાખલ કરેલ છે.

(૨) આ કામે સામાવાળાઓ તરફે વિ.વ.શ્રી એ. એચ. રાવળ અને વિ.વ.શ્રી પી. સી. મોદીનાઓ હાજર રહે છે. પરંતુ એપેલેન્ટ કે તેમના વિ.વ.શ્રી ડી. સી. જોષી હાજર રહેતા નથી.

(૩) એપેલેન્ટ તથા તેમના વિ.વ.શ્રી ડી. સી. જોષીને પણ અગાઉ હાજર રહી અપીલ ચલાવવા માટે ઘણી તકો આપવામાં આવેલ છે તેમ છતાં અગાઉની મુદતોએ પણ તેઓ હાજર રહેલા નથી.

(૪) આજરોજ પણ એપેલેન્ટ તથા તેના વિ.વ.શ્રીનો વારંવાર પોકાર કરવા છતાં હાજર નથી. આ સંજોગોમાં સી.પી.સી. ઓર્ડર ૪૧, રૂલ ૧૭(૧) ની જોગવાઈઓ ધ્યાને લેતાં જ્યારે અપીલ સુનાવણી માટે નીકળે અને એપેલેન્ટ કે તેના વિ.વ.શ્રી હાજર રહેતા ન હોય તો અપીલ ડીસમીસ ફોર ડિફોલ્ટથી ફેંસલ કરી શકાય. ઉપરોક્ત જોગવાઈ ધ્યાને લેતાં એપેલેન્ટ કે તેના વિ.વ.શ્રી ડી. સી. જોષી વારંવાર પોકાર કરવા છતાં હાજર ન હોવાથી હાલની આ અપીલ સી.પી.સી. ઓર્ડર ૪૧, રૂલ ૧૭(૧) મુજબ ડીસમીસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪/૦૮/૨૦૨૬
સ્થળ– સુરત.

**(પી. એ. પટેલ)**
નવમા એડિશનલ ડિસ્ટ્રીક્ટ જજ, સુરત.
(GJ-00803)